2012-11-19 -Manoj Tulsi Nakrani -Mari Vinanti (913)

તા. ૧૯-૧૧-૨૦૧૨

જય માતાજી

''મારી વિનંતી''

સમાજ એટલે સમજ – સમજુ લોકો નો સમુહ, જ્યાં શાંતિપૂર્વક, પુરા વિશ્વાસથી એક બીજાનું માન, મર્યાદાઓ જાળવી સમાજના વિકાસ માટેની પ્રવૃત્તિઓ થતી હોય, વ્યવહાર થતા હોય.

પણ જ્યાં એક બીજાની ભૂલો કાઢી, કોઈનું અપમાન કરવું, નાની વાત ને મોટું સ્વરૂપ આપી (સમજ્યા વગર), રાજ કારણી ભાષાના પ્રયોગ કરવા, વડીલોના અપમાન કરવા, જેમણે પોતાની આખી જીંદગી સમાજ ના વિકાસ માટે તન, મન, ધન થી સેવા આપી હોય. તેમના માટે જેમ તેમ બોલવું. આ બધુ સમજુ માણસો નું વર્તન ન હોય, જો આવી સમજ જે પણ સમાજ માં ઘર કરી જાય તો તે સમાજ નું પતન નિશ્ચિત પણે થતું હોય છે.

અને સાથે સાથે મારા જેવા સરળ સ્વભાવના લોકો ને ચિંતા કરાવી ચિતા સુધી પહોંચાડી દે છે જેઓને સાચા અર્થમાં સમાજ માટે નો પ્રેમ છે. લાગણી છે. અને આનો સમાજ માં વર્ગ ૯૫% જેટલો હશે જેને અન્યાય થઈ રહ્યો છે અને સમાજ માં ઝગડા કરવા, ઝગડા કરાવવા તેમને પણ સમાજે કંઈક વળતર રૂપે તો આપવું પડે ને, તેઓ સમાજ ની મીટીંગ પુરી થયા પછી ડૉક્ટર પાસે જશે તો ખબર પડશે કે તેમને એમાં શું મળ્યું. કોલસ્ટ્રોલ વધી ગયુ જે હાર્ટ એટેક માટે જવાબદાર છે. ડાયબીટીઝ વધી ગયુ. બ્લડ પ્રેશર વધી ગયુ ને ઘટી ગયું, પેરેલાઈસીસ એટેક વગેરે વગેરે, આમ પોતાના શરીરનું પણ પતન કરાવી નાખો છે ઉશ્કેરાટ ને લીધે તો યુવા વર્ગ માં એટેકનું પ્રમાણ આજે ખુબજ વધી ગયુ છે. એક તો વ્યસન ને પાળવા અને વાતવાતમાં વગર વિચાર્યે ઉશ્કેરાઈ જવું. આપણો કચ્છ કડવા પાટીદાર સમાજ લગભગ પોણાચાર લાખ લોકોનો બનેલો એક નાનો સમાજ છે. તેમાં પણ રાષ્ટ્રવ્યાપી ઝગડા, આંદોલનો શરૂ થઈ ગયા છે. શું માંડ્યું છે આપણે? મને તો તેજ ખબર નથી પડતી. ફક્ત એકવાર હૃદયથી વિચારો, ફક્ત એકવાર પ્રેમ ની ભાષા વાપરી જુવો આખી સમાજ તમારી થઈ જશે. માતાજી ની કૃપા થશે.

અરે જે વ્યક્તિ કામો કરતા હોય તેમના થી ક્યારેક કોઈ ભુલ થઈ પણ જતી હોય, અને હકીકતમાં તે ભૂલ ન પણ હોય. આ બાબતમાં હું કોઈ પણ દલીલમાં ઉતરવા નથી માગતો પરંતુ હું મુંબઈ કચ્છ કડવા પાટીદાર સમાજ ના દરેક સભ્યોને એટલું જરૂર થી કહીશ કે ઝગડા ઓના કારણ બનતા એવા 'શ્વેતપત્ર' ની બાબતમાં મુંબઈ સમાજે ખાસ વિચારવાનું રહેશે. જો મુંબઈને ચિંતા અને ઝગડા ઓ માંથી મુક્ત રાખવું હોય અને મુંબઈ સમાજને તુટતા અટકાવવું હોય તો આપણે મુંબઈ ટ્રસ્ટ ફંડના પ્રમુખ શ્રી ને ખાસ વિનંતી કરવાની રહેશે કે આમાં ખાસ ધ્યાન આપે.

અને કેન્દ્રીય સમાજ ના પ્રમુખ શ્રી ને પણ હૃદયથી વિનંતી કરશુ કે આમાં મુંબઈ સમાજના સરળ લોકો ના હિતમાં વિચારે **મુંબઈ વાળા ને ઝગડા ગમતા નથી.**

અખિલ કચ્છ કડવા પાટીદાર કેન્દ્રીય સમાજ ને આપણે હૃદયપૂર્વક માની એ છીએ એમનું આદર કરીએ છીએ અને તેમની માગણી ઈચ્છા એવી હતી કે જો સતપંથી ભાઈઓ ૧૮ અને ૧૯ કલમો પાળવા તૈયાર હોય તો જ આપણે એમને સ્વીકારશું. હું પણ આ વાતને એક સનાતની હોવા ને નાતે સો ટકા સ્વીકારૂં છું. પહેલા પરિસ્થિતી કંઈક જુદી હતી પણ હવે મારા આની સાથેના લેખમાં સ્પષ્ટ લખ્યું છે તેમ મુંબઈ ના સતપંથી ભાઈઓ આપણી સાથે ભળવા તૈયાર છે અને કલમો નો પ્રેમપૂર્વક સ્વીકાર કરી રહ્યા છે તો તેમને અવશ્ય એક મોકો આપવો જોઈએ અને જીદ્ કરીને સ્વીકાર નહી જ કરીએ તો સનાતની અને સતપંથી ભાઈઓ અંદર અંદર સંબંધો થી, વ્યવહારથી અને કાયદાકીય એટલા જોડાયેલા છે કે ક્યાંક અને ક્યાંક પક્ષપાત થતા રહેશે અને નવા નવા ઝગડા ઓના મૂળ બનતા રહેશે.

આપણી સમાજ નવા વર્ષની શરૂઆત થી શાંતિપૂર્વક સાચા ભાઈચારાના ભાવથી આગળની બધી કડવાશ ભુલી ઉમીયા માનું નામ લઈ વિકાસના માર્ગે આગળ વધે, સમાજની નાના માંની વ્યક્તિ ને પણ કેવી રીતે સહાયરૂપ બની રહે તેવા વિચારો, સંકલ્પો સાથે શનિવાર તા. ૧/૧૨/૨૦૧૨ ના આપણા માનનીય કેન્દ્રીય સમાજ ના પ્રમુખ શ્રી ગંગારામભાઈ હીરાભાઈ સાંખલા મુંબઈ ઘાટકોપર સમાજવાડીમાં પધારી રહ્યા છે. તો તેમનું ભાવપૂર્વક સ્વાગત કરીએ. હું દરેક મુંબઈ કચ્છ કડવા પાટીદાર સદસ્યો અને બહેનો ને મારા શાંતિપૂર્વક ના વિચારો સાથે સહમત હોય તેઓને જરૂર થી આવવા વિનંતી કરૂ છું.

મનોજ તુલસીદાસ શિવદાસ નાકરાણી
રૂમ નં. ૧૨, પટેલ સદન, તિલક રોડ,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૭.
મો.નં.: ૦૯૩૨૩૬ ૫૪૦૯૪

✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱

તા. ૧૯-૧૧-૨૦૧૨

જય માતાજી

''મારી વિનંતી''

સમાજ એટલે સમજ – સમજુ લોકો નો સમુહ, જ્યાં શાંતિપૂર્વક, પુરા વિશ્વાસથી એક બીજાનું માન, મર્યાદાઓ જાળવી સમાજના વિકાસ માટેની પ્રવૃત્તિઓ થતી હોય, વ્યવહાર થતા હોય.

પણ જ્યાં એક બીજાની ભૂલો કાઢી, કોઈનું અપમાન કરવું, નાની વાત ને મોટું સ્વરૂપ આપી (સમજ્યા વગર), રાજ કારણી ભાષાના પ્રયોગ કરવા, વડીલોના અપમાન કરવા, જેમણે પોતાની આખી જીંદગી સમાજ ના વિકાસ માટે તન, મન, ધન થી સેવા આપી હોય. તેમના માટે જેમ તેમ બોલવું. આ બધુ સમજુ માણસો નું વર્તન ન હોય, જો આવી સમજ જે પણ સમાજ માં ઘર કરી જાય તો તે સમાજ નું પતન નિશ્ચિત પણે થતું હોય છે.

અને સાથે સાથે મારા જેવા સરળ સ્વભાવના લોકો ને ચિંતા કરાવી ચિત્તા સુધી પહોંચાડી દે છે જેઓને સાચા અર્થમાં સમાજ માટે નો પ્રેમ છે. લાગણી છે. અને આનો સમાજ માં વર્ગ ૯૫% જેટલો હશે જેને અન્યાય થઈ રહ્યો છે અને સમાજ માં ઝગડા કરવા, ઝગડા કરાવવા તેમને પણ સમાજે કંઈક વળતર રૂપે તો આપવું પડે ને, તેઓ સમાજ ની મીટીંગ પુરી થયા પછી ડૉક્ટર પાસે જશે તો ખબર પડશે કે તેમને એમાં શું મળ્યું. કોલસ્ટ્રોલ વધી ગયુ જે હાર્ટ એટેક માટે જવાબદાર છે. ડાયબીટીઝ વધી ગયુ. બ્લડ પ્રેશર વધી ગયુ ને ઘટી ગયું, પેરેલાઈસીસ એટેક વગેરે વગેરે, આમ પોતાના શરીરનું પણ પતન કરાવી નાખો છે ઉશ્કેરાટ ને લીધે તો યુવા વર્ગ માં એટેકનું પ્રમાણ આજે ખુબજ વધી ગયુ છે. એક તો વ્યસન ને પાળવા અને વાતવાતમાં વગર વિચાર્યે ઉશ્કેરાઈ જવું. આપણો કચ્છ કડવા પાટીદાર સમાજ લગભગ પોણાચાર લાખ લોકોનો બનેલો એક નાનો સમાજ છે. તેમાં પણ રાષ્ટ્રવ્યાપી ઝગડા, આંદોલનો શરૂ થઈ ગયા છે. શું માંડ્યું છે આપણે? મને તો તેજ ખબર નથી પડતી. ફક્ત એકવાર હૃદયથી વિચારો, ફક્ત એકવાર પ્રેમ ની ભાષા વાપરી જુવો આખી સમાજ તમારી થઈ જશે. માતાજી ની કૃપા થશે.

અરે જે વ્યક્તિ કામો કરતા હોય તેમના થી ક્યારેક કોઈ ભુલ થઈ પણ જતી હોય, અને હકીકતમાં તે ભૂલ ન પણ હોય. આ બાબતમાં હું કોઈ પણ દલીલમાં ઉતરવા નથી માગતો પરંતુ હું મુંબઈ કચ્છ કડવા પાટીદાર સમાજ ના દરેક સભ્યોને એટલું જરૂર થી કહીશ કે ઝગડા ઓના કારણ બનતા એવા 'શ્વેતપત્ર' ની બાબતમાં મુંબઈ સમાજે ખાસ વિચારવાનું રહેશે. જો મુંબઈને ચિંતા અને ઝગડા ઓ માંથી મુક્ત રાખવું હોય અને મુંબઈ સમાજને તુટતા અટકાવવું હોય તો આપણે મુંબઈ ટ્રસ્ટ ફંડના પ્રમુખ શ્રી ને ખાસ વિનંતી કરવાની રહેશે કે આમાં ખાસ ધ્યાન આપે.

અને કેન્દ્રીય સમાજ ના પ્રમુખ શ્રી ને પણ હૃદયથી વિનંતી કરશુ કે આમાં મુંબઈ સમાજના સરળ લોકો ના હિતમાં વિચારે **મુંબઈ વાળા ને ઝગડા ગમતા નથી.**

અખિલ કચ્છ કડવા પાટીદાર કેન્દ્રીય સમાજ ને આપણે હૃદયપૂર્વક માની એ છીએ એમનું આદર કરીએ છીએ અને તેમની માગણી ઈચ્છા એવી હતી કે જો સતપંથી ભાઈઓ ૧૮ અને ૧૯ કલમો પાળવા તૈયાર હોય તો જ આપણે એમને સ્વીકારશું. હું પણ આ વાતને એક સનાતની હોવા ને નાતે સો ટકા સ્વીકારૂં છું. પહેલા પરિસ્થિતી કંઈક જુદી હતી પણ હવે મારા આની સાથેના લેખમાં સ્પષ્ટ લખ્યું છે તેમ મુંબઈ ના સતપંથી ભાઈઓ આપણી સાથે ભળવા તૈયાર છે અને કલમો નો પ્રેમપૂર્વક સ્વીકાર કરી રહ્યા છે તો તેમને અવશ્ય એક મોકો આપવો જોઈએ અને જીદ્ કરીને સ્વીકાર નહી જ કરીએ તો સનાતની અને સતપંથી ભાઈઓ અંદર અંદર સંબંધો થી, વ્યવહારથી અને કાયદાકીય એટલા જોડાયેલા છે કે ક્યાંક અને ક્યાંક પક્ષપાત થતા રહેશે અને નવા નવા ઝગડા ઓના મૂળ બનતા રહેશે.

આપણી સમાજ નવા વર્ષની શરૂઆત થી શાંતિપૂર્વક સાચા ભાઈચારાના ભાવથી આગળની બધી કડવાશ ભુલી ઉમીયા માનું નામ લઈ વિકાસના માર્ગે આગળ વધે, સમાજની નાના માંની વ્યક્તિ ને પણ કેવી રીતે સહાયરૂપ બની રહે તેવા વિચારો, સંકલ્પો સાથે શનિવાર તા. ૧/૧૨/૨૦૧૨ ના આપણા માનનીય કેન્દ્રીય સમાજ ના પ્રમુખ શ્રી ગંગારામભાઈ હીરાભાઈ સાંખલા મુંબઈ ઘાટકોપર સમાજવાડીમાં પધારી રહ્યા છે. તો તેમનું ભાવપૂર્વક સ્વાગત કરીએ. હું દરેક મુંબઈ કચ્છ કડવા પાટીદાર સદસ્યો અને બહેનો ને મારા શાંતિપૂર્વક ના વિચારો સાથે સહમત હોય તેઓને જરૂર થી આવવા વિનંતી કરૂ છું.

મનોજ તુલસીદાસ શિવદાસ નાકરાણી
રૂમ નં. ૧૨, પટેલ સદન, તિલક રોડ,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૭.
મો.નં.: ૦૯૩૨૩૬ ૫૪૦૯૪

✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱ શ્રીરામ ✱